**એન.ડી.પી.એસ. કેસ નં. ૦૪/૨૦૨૪**

**(અંકલેશ્વર શહેર પો.સ્ટે. ગુ.ર.નં. સેકન્ડ ૪૦/૨૦૧૬)**
**એન.ડી.પી.એસ. એકટની કલમ–૮(સી), ૨૦(બી)**

**–:: આંક–૧ લગત હુકમ ::–**

આ કામે આરોપી તરફે વિ. વકીલશ્રીએ **આંક–૬૫** ના લીસ્ટથી આરોપીનું મરણનું પ્રમાણપત્ર **આંક–૬૬** થી રજુ કરેલ છે, જે જોતા સુફીયાબાનુ મોંહમદ સબ્બીર શેખ તા. ૧૪/૦૨/૨૦૨૬ નાં રોજ મરણ ગયેલ હોવાની હકીકત દર્શાવેલ છે. હાલનાં કામનું ચાર્જશીટ ધ્યાને લેવામાં આવે તો, તેમાં આરોપીનું નામ સુફીયાબીબી ગુલામ મહમંદ શેખ છે. આમ, આંક–૬૬ નાં મરણના પ્રમાણપત્રમાં અને ચાર્જશીટમાં દર્શાવેલ નામમાં ફેરફાર હોવાનું જણાય આવે છે, પરંતુ આ કામે સહેરાબાનુ અબ્દુલ સત્તારનાઓએ **આંક–૬૭** થી સોગંદનામું રજુ કરી જણાવેલ છે કે, એન.ડી.પી.એસ. કેસ નં. ૦૪/૨૦૨૪ નાં કામનાં આરોપી નામે સુફીયાબીબી ગુલામ મોંહમદ શેખ તેઓનાં માતા થતા હતા, જે તા. ૧૪/૦૨/૨૦૨૬ નાં રોજ મરણ ગયેલ છે અને મરણનાં પ્રમાણપત્રમાં જણાવેલ નામ અને ચાર્જશીટમાં દર્શાવેલ નામ બન્ને નામ તેઓનાં માતા એટલે કે હાલનાં કામનાં આરોપીનાં જ છે તેવું જાહેર કરેલ છે. આમ, આ કામનાં આરોપી તા. ૧૪/૦૨/૨૦૨૬ નાં રોજ મરણ ગયેલ હોય, જેથી આરોપી સામેનો કેસ એબેટ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

આ કામે ચાર્જશીટની હકીકત ધ્યાને લેતા, કોલમ નં. ૧૨ માં નાસતા–ભાગતા આરોપીની વિગતમાં ''ભૈયો'' જેનું પુરુ નામ, સરનામું દર્શાવેલ નથી. આમ, અન્ય સહ–આરોપી નાસતા–ભાગતા તરીકે દર્શાવેલ હોય, હાલનાં તબકકે મુદ્દામાલ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજ **તા. ૩૦ મી, માહે : માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(પિંકલ એમ. સોની )**
પાંચમા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૭૪૭)**

SUC